# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૬/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ગુજરાતમાં ૯ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી ત્યારે આ મીશનને યુદ્ધસ્તરે વધારીશું : ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## ફેમિલી ડોકટર બધાના છે પણ હવે ફેમિલી ખેડૂત શોધવા ઉદ્યોગકારો અને વ્યવસાયિકોને ગુજરાતના રાજ્યપાલશ્રીએ હાંકલ કરી

## રાજ્યપાલશ્રીએ ચેમ્બર ઓફ કોમર્સના 'ઉદ્યોગ પ્રદર્શન– ૨૦૨૪'ની મુલાકાત લઇ વિવિધ સ્ટોલ ધારકોના ઉત્પાદનોને નિહાળ્યા

### પ્રકૃતિકને ડિસ્ટર્બ કરીશું તો એ પણ આપણને ડિસ્ટર્બ કરશે, એટલે જ પ્રકૃતિની જાળવણી કરવી એ આપણા સૌની ફરજ છે : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦ કલાકે SIECC કેમ્પસ, સરસાણા, સુરત ખાતે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી

આચાર્ય દેવવ્રતજી સાથે સંવાદ યોજાયો હતો. જેમાં માનનીય રાજ્યપાલ તેમજ નેચરોપથી એક્ષ્પર્ટ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વ્યવસાયિકોને પ્રાકૃતિક જીવનની આવશ્યકતા, પ્રકૃતિ છે તો જીવન છે, આર્થિક પ્રગતિ સાથે પ્રાકૃતિક જીવનની સંકલ્પના તથા ઉદ્યોગ – ધંધા અને પ્રાકૃતિક જીવનનું સંતુલન વિશે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ કાર્યક્રમમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, પ્રકૃતિકને ડિસ્ટર્બ કરીશું તો એ પણ આપણને ડિસ્ટર્બ કરશે. એટલે જ પ્રકૃતિ સાથે તાલમેલ સાધી પ્રકૃતિની જાળવણી કરવી એ આપણી ફરજ છે, આથી ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથની સાથે પ્રાકૃતિક કૃષિ, પ્રાકૃતિક જીવનને પણ લોકભોગ્ય બનાવવા પ્રયાસ કરવાનો છે. ભારત વિશ્વમાં અત્યારે સૌથી પ્રગતિશિલ દેશ ચોકકસપણે છે પણ સાથે સાથે તંદુરસ્ત ભારતનું નિર્માણ કરવું તે પણ આપણા સૌની જવાબદારી છે. તેમણે કહયું કે, ભારતને ૫ ટ્રિલિયન યુએસ ડોલરની ઈકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના લક્ષ્યને સાકાર કરવાના હેતુથી ગુજરાત રિજીયનમાંથી ઉદ્યોગકારોનું એક્ષ્પોર્ટમાં યોગદાન વધે તે માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪' અંતર્ગત વિવિધ પ્રયાસો થઇ રહયા છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સારા અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક ખેતી, ખર્ચ ઘટવા સાથે ઉત્પાદકતા વધે તે માટે ગૌ આધારિત ખેતી કરવા માટે સૌ કટિબદ્ધ થઈએ તે આજના સમયની નિતાંત આવશ્યકતા છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ૯ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. તેમણે આ અભિયાનમાં જોડીને પ્રાકૃતિક ખેતી તરફ તેઓને વાળવામાં આવ્યા છે ત્યારે તેઓના ઉત્પાદનને ખરીદવા માટે ઉદ્યોગકારોને આહવાન કર્યું હતું. ઉદ્યોગ અને ઉદ્યોગપતિઓ દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે, ત્યારે ઉદ્યોગો અને પ્રાકૃતિક જીવનનું સંતુલન સાધવા અને આર્થિક પ્રગતિ સાથે પ્રાકૃતિક જીવન જીવવા સંકલ્પબદ્ધ થવા ભારપૂર્વક જણાવ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ હરિયાણામાં પોતાના ફાર્મ– ગુરુકુલ–કુરુક્ષેત્રમાં રાસાયણિક ખેતીને કારણે જે શારીરિક અને માનસિક નુકસાન થયું હતું તે અંગેનો અનુભવ સૌની સમક્ષ વ્યકત કર્યો હતો. રાસાયણિક દવાઓ–ખાતરની ઝેરી અસરની ગંભીરતા સમજીને તેમણે રાસાયણિક કૃષિને તિલાંજલિ આપી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. તેઓ છેલ્લા નવ વર્ષથી કુરુક્ષેત્ર ફાર્મમાં પદ્ધતિસર પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. એટલું જ નહીં મબલખ ઉત્પાદન પણ મેળવી રહ્યા છે. અને એટલે જ તેઓ અન્ય તમામ લોકો પણ કલ્યાણકારી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટે પરિશ્રમ કરી રહ્યા છે.

ગુજરાતના ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે આવેલી જાગૃતિની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના ૯ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. માસ્ટર ટ્રેઇનરો દ્વારા પ્રતિ મહિને રાજ્યના ૩.૫૦ લાખથી ૪ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતીથી પર્યાવરણ અને સૂક્ષ્મ જીવાણુઓની રક્ષા થાય છે. હવા શુદ્ધ રહે છે અને જમીનની ફળદ્રુપતા વધે છે. ગાયમાતા અને ધરતીમાતાનું સંરક્ષણ થાય છે. આવનારા બે વર્ષમાં ગુજરાતને યુરિયા, ડી.એ.પી., રસાયણમુકત ખેતી કરતું રાજ્ય બનાવવું છે તેમ કહી સર્વેને પ્રાકૃતિક ખેતી સાથે પ્રાકૃતિક જીવન જીવવાની હાંકલ કરી હતી.

જંગલની અંદર ઉછરતા ઝાડ–પાન, ફળ–ફૂલને કોઈ રાસાયણિક ખાતરની જરૂર પડતી નથી. કુદરતી રીતે તેમાં તમામ ઓર્ગેનિક તત્વોની દેન પરમાત્માએ મુકી છે. સંપૂર્ણ પ્રાકૃતિક રીતે જો આ વન સંપદા ઉછરી શકતી

હોય તો આપણા ખેતરમાં આ કેમ થઈ ના શકે તેમ જણાવ્યું હતું. જંગલના પ્રાકૃતિક નિયમો આપણી કૃષિ પદ્ધતિમાં પણ લાગુ પડે છે અને જંગલની માફક આપણા ખેતરમાં કારગર નીવડે એનું નામ પ્રાકૃતિક ખેતી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતને ચૌમુખી દૃષ્ટિથી વિકસિત કરવાનું મીશન ચલાવ્યું છે. તેમણે દરેક ક્ષેત્રોને પ્રોત્સાહિત કર્યા છે, નવી ટેકનોલોજી અપનાવી છે અને વૈશ્વિક બજારમાં ભારતની પ્રોડકટને મૂકવાનો પ્રયાસ કર્યો છે. જેને કારણે હવે ભારતની પ્રતિષ્ઠા વિશ્વભરમાં વધી રહી છે. તેમણે કહયું હતું કે, વડાપ્રધાનશ્રી પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃત છે અને દેશમાં તેના પ્રસાર પ્રચાર માટે સતત કાર્યરત છે, ત્યારે દેશને આત્મનિર્ભર અને વિકસિત બનાવવા માટે 'વિકસિત ભારત @૨૦૪૭'નો સંકલ્પ સાકાર કરવા માટે સૌએ યોગદાન આપવું પડશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં જનહિતની યોજનાઓનો લાભ લઈ દેશના ૨૫ કરોડ લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા છે. ભારત ૧૧મા ક્રમેથી પાંચમા ક્રમની વિશ્વની સૌથી મોટી ઈકોનોમી ધરાવતો દેશ બન્યો છે.

એક – એક વ્યકિતમાં અનેક લોકોનું ભવિષ્ય બની ચૂકયું છે અને એ સમાજની પુંજી છે. આથી તમારા સ્વરૂપ અને પ્રતિભાને સમજો. ખાનપાનની અને દિનચર્યાની સમજ ન હોવાને કારણે અનાવશ્યક વજન શરીર ઉપર વધી રહયું છે. જેને કારણે હાર્ટએટેક, ડાયાબિટીસ, કીડની ફેલ્યોર અને પેનક્રિયાજ ખરાબ થઇ રહયા છે. ખેતરોમાં રાસાયણિક ખતોના ઉપયોગને કારણે અનાજમાં, ફળોમાં, પશુઓના દુધમાં અને માતાઓના દુધમાં પણ ઝેર જઇ રહયું છે. આપણા શરીરમાં ઝેર જઇ રહયું છે અને પછી ડોકટર ચક્રવ્યુહ ચાલે છે. હાલ આ પ્રોજેકટ વિશ્વભરમમાં ચાલી રહયો છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આગામી ૫ વર્ષમાં પ્રાકૃતિક ખેતીમાં લોકોના સ્વાસ્થને બચાવવાનું મીશન ચલાવવામાં આવશે. ગુજરાતમાં ૯ લાખ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની સાથે જોડી દીધા છે અને મીશનને યુદ્ધસ્તરે વધારીશું. ફેમિલી ડોકટર બધાના છે પણ હવે ફેમિલી ખેડૂત શોધો પછી ફેમિલી ડોકટરની ઓછી જરૂર પડશે. તેમણે યુવા પેઢીને અને બાળકોને જંક ફૂડ અને ફાસ્ટ ફૂડથી બચાવવા સૌને હાંકલ કરી હતી.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત ઉદ્યોગ એકઝીબીશનની મુલાકાત લઇ વિવિધ સ્ટોલ ધારકોના ઉત્પાદનો નિહાળ્યા હતા. એકઝીબીટર્સ સાથે તેમણે સંવાદ કરી ઉદ્યોગ પ્રદર્શન અંગેની જાણકારી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર, ઓલ એકઝીબીશન્સ ચેરમેન બિજલ જરીવાલા અને ગૃપ ચેરમેન બિજલ જરીવાલા, ઉદ્યોગપતિ તેમજ રાજ્યસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા, પૂર્વ પ્રમુખો અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.